# શહેરના મુખ્ય માર્ગો પર રીક્ષા સ્ટેન્ડના અભાવે માર્ગ સલામતી જોખમાઈ

## નગરના મુખ્ય માર્ગો પર માર્ગ વચાળે જ રીક્ષાઓ ઉભી કરી દેવાતા ટ્રાફિકને અડચણ

**શહેરમાં રીક્ષા સ્ટેન્ડ માટે ૨૪ જગ્યાઓ નિયત કરાઈ હતી : સી ટી પી કક્ષાએ જગ્યા નિયત થયા બાદ પણ સ્ટેન્ડ બનાવાની યોજનાનો અમલ થયો નથી**

ગાંધીનગર તા ૧૩

નગરને સ્માર્ટ સીટી બનાવવાનુ સ્વપ્ન સેવાઈ રહયુ છે. ત્યારે નગરના રોડમેપને ધ્યાને લઈ ટ્રાફિકને લગતી સમસ્યાઓ નિવારી માર્ગ સલામતીના પરિબળોને મજબુત કરવાના આયોજનના નામે મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. નગરમાં ફુટપાથનુ નિર્માણ કરાયા બાદ માર્ગ વચાળે જ રીક્ષા સ્ટેન્ડ અસ્તિત્વમાં આવી ગયા છે. અગાઉ ટાઉન પ્લાનીંગ દ્વારા રીક્ષા સ્ટેન્ડની જગ્યા નિયત કરવા માટે ૨૪ ઠેકાણે સ્ટેન્ડ ઉભા કરવાનુ સુચવાયુ હતુ. પરંતુ રીક્ષા સ્ટેન્ડની આ યોજના અભેરાઈ ચઢાવી દેવાતા હાલ નગરના મુખ્ય માર્ગો પર માર્ગ સલામતી જોખમાય તેવા દ્રશ્યો જોવા મળી રહયા છે.

શહેરના આડા અને ઉભા માર્ગ સહીત અન્ય માર્ગોની આસપાસ પણ ફુટપાથનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. નગરમાં ફુટપાથ નિર્માણ અન્વયે વિભાગ દ્વારા અગાઉ હાથ ધરાયેલ સર્વના અંતે બાકી કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જો કે વોક વે ના નિર્માણ બાદ શહેરમાં જરૂરી આયોજનને અભાવે અન્ય સમસ્યાઓ પણ ઉદભવી છે. જેમાં ફુટપાથ અસ્તિત્વમાં આવ્યા બાદ રીક્ષા સ્ટેન્ડનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. ચાર વર્ષ અગાઉ નગરમાં રીક્ષા સ્ટેન્ડની વ્યવસ્થાને અનુલક્ષી જરૂરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જયારે રીક્ષા સ્ટેન્ડના અભાવ વચ્ચે ઉદભવતી ટ્રાફિકને લગતી સમસ્યાઓને ડામવા માટે વિવિધ ૨૪ ઠેકાણે સ્ટેન્ડ બનાવાની ભલામણ પણ કરવામાં આવી હતી. ટાઉન પ્લાનીંગ કક્ષાએથી રીક્ષા સ્ટેન્ડ બનાવવા માટે આ જગ્યાઓ નિયત કરવાનુ પણ સુચવાયુ હતુ. પરંતુ વિભાગ કક્ષાએથી આ મામલે દુર્લક્ષ્ય સેવાતા આ યોજના આગળ વધી ન હતી. જેના પરિણામે હાલ શહેરમાં માર્ગ વચાળે જ રીક્ષા પાર્ક કરી દેવાય છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર માર્ગ વચાળે જ રીક્ષા ઉભી કરી દેવાતા ટ્રાફિક માટે પણ મોટી અડચણ ઉભી થઈ છે. જયારે માર્ગ સલામતી પણ જોખમાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના મુખ્ય માર્ગોની વચાળે જ રીક્ષાઓ સ્ટેન્ડ થતા વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે. જેના પરિણામે ઘણીવાર નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. રીક્ષાની સવારી સાથે સંકળાયેલા મીટર પ્રથા તેમજ પ્રદુષણને લગતી સમસ્યાઓના અંત આવ્યો નથી જયારે રીક્ષા સ્ટેન્ડના મામલે પણ શિરદર્દ ઉભો થતા સ્થાનિક નાગરિકોને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ના સાહેબ... પીધા પછી ડીઝાઈનમાં કેવા કેવા વેરીએશન આવે છે... તેનાં સ્ટડી પેપર અમારે ઈન્ટરનેશનલ લેવલે પ્રેઝન્ટ કરવા હતા એટલે... જરા...**

# જિલ્લાના પશુધનના રસીકરણનું અભિયાન ૧૭ ફેબ્રુઆરીથી આરંભાશે

### ૩,૫૦ લાખ પશુધનને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૭મી ફેબ્રુઆરીથી ચેપીરોગથી બચાવવા માટે પશુધનના રસીકરણનો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે.

જિલ્લાના ૩.૫૦ લાખ જેટલા પશુઓને આ અભિયાનમાં આવરી લેવામાં આવનાર છે. જિલ્લાના ૧૫૦થી પણ વધુ વેટરનરી અધિકારીઓ આ અભિયાનમાં જોડાવાના છે. આ અભિયાન એક મહિના સુધી ચાલશે.

ખરવા-મોવાસા જેવી ચેપીરોગથી પશુધનને બચાવવા માટે આ અભિયાનનો રાઉન્ડ યોજવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અંગેનો રસીનો જથ્થો પણ જિલ્લાને ફાળવી દેવામાં આવ્યો છે.

ગાય-ભેંસ સંવર્ગમાં આ રોગ દેખા દેતો હોય છે. આ અભિયાનમાં ઘેટા-બકરાંને પણ આવરી લેવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ખરવા-મોવાસા જેવા ચેપીરોગના છુટા છવાયા કેસો અગાઉ નોંધાયા હતા અને ત્યારબાદ સરકાર દ્વારા આ રસીકરણ અભિયાન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્યમાં પશુધનની વસતી વિસ્તારની ઘનતાની દૃષ્ટિએ ગાંધીનગર પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે.

ગાંધીનગર જિલ્લામાં આ રસીકરણને લઈ તંત્રએ તેની તૈયારીઓ પણ પૂર્ણ કરી લીધી છે.



**અધ્યાપક સહાયક મંડળ દ્વારા રાજ્યપાલને આવેદનપત્ર**

ગુજરાત રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોમાં ૨૦૦૫થી અધ્યાપક સહાયકની નિમણુંક બાદ અધ્યાપક સહાયકના વર્ષોથી પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. ત્યારે તેઓની માંગ સાથેનું આવેદન પત્ર આજરોજ રાજભવન ખાતે ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. ઓ.પી. કોહલીને સુપરત કર્યું હતું. આ પ્રસંગે અધ્યાપક સહાયક મંડળ દ્વારા પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે તેવી માંગ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં અધ્યાપક સહાયક મંડળના સભ્યો હાજર રહ્યા હતા.

# ગાંધીનગર રેન્જમાં બીટ ગાર્ડની ૨૫ જગ્યા ખાલી, ભરતી પ્રક્રિયામાં વિલંબ

### વૃક્ષોની જાળવણી અને રક્ષણના મુદ્દો રામભરોસે

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર રેન્જમાં બીટ ગાર્ડ અને ફોરેસ્ટરની ૨૫ જેટલી જગ્યા ખાલી છે. ભરતી પ્રક્રીયા માટે અગાઉ લેખિત પરીક્ષા લેવાઈ હતી પરંતુ ફિઝિકલ ટેસ્ટ ન લેવાતા હજુ સુધી બીટ ગાર્ડને નિમણુક આપવામાં આવી નથી. ગાંધીનગર વિસ્તારમાં હરિયાળીની રક્ષણનો મુદ્દો પણ જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

હરિયાળા શહેર તરીકે ઓળખાતા નગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વૃક્ષછેદનની પ્રવૃતિ વધી છે. નગરના ખુંણે ભેદી રીતે વૃક્ષોની કટોતી થતુ હોવાનુ પણ ઘણીવાર પ્રકાશમાં આવ્યુ છે. જયારે વિકાસ કામોની ભરમાર વચ્ચે આમપણ હરિયાળીને નુકશાન થઈ રહયુ છે. જેના લીધે ગ્રીન સીટી બેરન સીટી બનવા તરફ છે. વિકાસની યાજનાઓને સાકાર કરવા માટે હરિયાળીનો ભોગ લેવાઈ રહયો છે. જયારે નવા રોપાઓની વાવણી માટે પર્યાપ્ત જગ્યા પણ ઉપલબ્ધ નથી. ત્યારે વૃક્ષોની સંભાળ અને જાળવણીનો મુખ્ય વધુ મહત્વનો બન્યો છે. નગરની હરિયાળી જાળવી રાખવા વૃછછેદનની ભેદી પ્રવૃતિને ડામવા માટે યોગ્ય પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર પ્રકૃતિ પ્રેમીઓમાં ઉઠવા પામ્યો છે. પરંતુ વન વિભાગમાં વૃક્ષોની હરિયાળીનુ રક્ષણ કરવા માટે પર્યાપ્ત મેન પાવર ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. હરિયાળીની દ્રષ્ટીએ નગર આગવી ઓળખ ધરાવે છે. જયારે ગાંધીનગર રેન્જમાં જ બીટ ગાર્ડની ઘટ નિવારવા માટે ભરતી પ્રક્રીયાને અંજામ આપવામાં આવતો નથી. અગાઉ રાજયમાં બીટગાર્ડની ૧૪૦૦ જગ્યા ભરવા માટે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. પરંતુ કોઈકારણોસર ફિઝિકલ ટેસ્ટ ન લેવાતા હજુ સુધી બીટ ગાર્ડ તેમજ ફોરેસ્ટરની જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવી નથી. ગાંધીનગર રેન્જમાં પણ અંદાજે ૨૫ જેટલી જગ્યા ખાલી હોવાનુ મનાઈ રહયુ છે.

## જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તારના ગામોમાં હવાનુ પ્રદૂષણ વધતાં ગ્રામજનો પરેશાન

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાની પૂર્વપટ્ટીના ગ્રામ્યવિસ્તારમાં વધતા જતા એર પોલ્યુશનને કારણે જનજીવન અને કૃષિક્ષેત્રને ભારે નુકશાન થતુ હોવાની ગંભીર ફરિયાદો ઉઠવા પામી છે.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર એર-પોલ્યુશનની સમસ્યા ધીમી ગતિએ વધુ વિકરાળતા ધારણ કરી રહી છે. આ વિસ્તારમાં એન.એ.ની પરમીશન લઈ ઔદ્યોગિક એકમો પગ પેસારો કરી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વધુ પડતો વાહન વ્યવહાર અને ઔદ્યોગિક એકમો આ વિસ્તારમાં હવાનું પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. ઘણીવાર તો ધુમાડાઓની અશરને કારણે જનજીવન પર પણ વિપરીત અશરો થતી હોવાની ફરિયાદ ઉઠી છે.

ધુમાડાને કારણે સાંજે અને સવારના સમયે તો રસ્તા પર આગળનું વાહન પણ જોવામાં તકલીફો પડી રહી છે. તેમજ જનજીવનમાં આરોગ્યની સમસ્યાઓ પણ ઉભી થવાનો ભય ઉભો થયો હોવાનું આ વિસ્તારના ગ્રામજનોનું કહેવુ છે.

# શહેરના બે વેપારીઓ સામે જાહેરનામા ભંગની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં ચોરી તેમજ અન્ય ગુનાઓ બનતા અટકાવવા માટે સીસીટીવી કેમેરા લગાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. તેમ છતા શહેરના કેટલાક દુકાનદારો સીસીટીવી લગાવ્યા વિના આદેશનને ઘોળીને પી ગયા છે. ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસ દ્વારા રાંદેસણ અને કુડાસણ ખાતે આવેલ ફુડની દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવ્યા ન હોવાથી બે વેપારીઓ સામે પોલીસે કલેકટરના જાહેરનામા ભંગની ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં હજુ પણ કેટલાક વાણીજય કોમ્પ્લેક્ષમાં આવેલી દુકાનોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા નથી. આ દુકાનદારો છડેચોક કલેકટરના જાહેરનામાનો ભંગ કરે છે. શહેરમાં ચોરી તેમજ ગુનાહતિ પ્રવૃતિઓ બનતી અટકાવવા માટે સીસીટીવી કેમેરા પોલીસને મદદરુપ થાય છે. તેમ છતા કેટલાક દુકાનદારો દ્વારા કેમેરા લગાવામાં આવતા નથી. ત્યારે આજરોજ ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચ આવા વેપારીઓ સામે લાલા આંખ કરવામાં આવી છે. જેથી કલેકટરના જાહેરનામાનો ભંગ કરનારા શહેરના અન્ય વેપારીઓમાં પણ ફફળાટ વ્યાપી જવા પામ્યો છે. એલસીબી પોલીસ દ્વારા ગાંધીનગર -અમદાવાદ માર્ગ પર રાંદેસણ માં આવેલ કસારીયો ફલેટ પાસેના મેઘ કોમ્પ્લેક્ષમાં દુકાન નં-૧ ૩માં મોમ ફલેવર ફાસ્ટ ફુડના નામે ચાલતી દુકાનના માલિક હરેશ પ્રેમાભાઈ દેસાઈ અને કુડાસણ મારૂતિ મેઘનમ કોમ્પ્લેક્ષમાં આવેલ દુકાન નં-બી ૪૦૩ માં ચાલી રહેલા શિવમ ફાસ્ટ ફુડના માલિક પ્રવિણ કરશનભાઈ કોરીયા સામે દુકાનમાં સીસીટીવી કેમેરા લગાવ્યા ન હોવાથી કલેકટરના જાહેરનામાં ભંગની બંન્ને વેપારીઓ સામે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**એનએસએસ ગુજરાતના વિદ્યાર્થીઓ રાજ્યપાલશ્રીની મુલાકાતે**

એન.એસ.એસ., ગુજરાતના વિદ્યાર્થીઓના એક સમૂહે આજે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન રાજ્યપાલશ્રીને સંસ્થા દ્વારા રાજ્યમાં ચાલતી વિવિધ સમાજોપયોગી પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી હતી. દેશના નિર્માણમાં યુવાનોના દાયિત્વ વિશે વિદ્યાર્થીઓ સાથે રાજ્યપાલશ્રીએ રસપ્રદ સંવાદ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓની સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવી જણાવ્યું હતું કે યુવાનોએ દેશના નિર્માણ માટે તેમની મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરવાની છે.

## તાવરિયાજી ગ્રુપ દ્વારા ૧૫-૧૬ ફેબ્રુઆરીએ લયબદ્ધ શ્વસન કાર્યક્રમ

શ્રી બહાદુરસિંહ સૂચરિયા માધવપુર (ઘેડ) 'લયબદ્ધ શ્વસન' દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય, શારીરિક, માનસિક, આધ્યાત્મિક - અંગે પ્રેક્ટિકલ અને થિયરીકલ વિશેષ સમજ આપનાર છે. આ નિઃશુલ્ક કાર્યક્રમ તા. ૧૫મી ફેબ્રુઆરીએ સાંજે સાત વાગે તથા ૧૬મી ફેબ્રુઆરીએ સવારે આઠ વાગે બલરામ મંદિર સેકટર-૧૨, ગાંધીનગરમાં યોજાનાર છે. જેનો લાભ લેવા તાવરિયાજી ગ્રુપે જણાવેલ સંપર્ક માટે મો. ૯૯૭૮૯૮૦૭૨૫ છે.

# પાર્કીંગ બાબતે ડખો થતા ચાર શખ્સો વિરૂદ્ધ એટ્રોસીટીની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલ ભાઈજીપુરા પાટીયા પાસે ચાની કીટલી પર ગઈકાલે સાંજના સુમારે કાર પાર્ક કરવા બાબતે માથાકુટ થતા કાર ચાલક અને અન્ય શખ્સોએ ટુ-વ્હીલર ચાલકને જાતિ વિષયક શબ્દો બોલીને માર મારતા ઈન્ફોસીટી પોલીસ મથકે પ્રશાંત શ્રીમાળીએ ચાર અજાણ્યા શખ્સો સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે આવેલ ચા ની કિટલી પર ગતરોજ સાંજના સુમારે શહેરના સેકટર-૨૨ બ્લોક નં-૩૨-૪ છ ટાઈપ ખાતે રહેતા પ્રશાંત રમેશચંદ્ર શ્રીમાળી પોતાના ટુ-વ્હીલર પર બેઠા હતા. તે સમયે વેગન આર કારમાં સવાર કેટલાક શખ્સો ત્યાં આવ્યા હતા. અને કાર પાર્કીંગ બાબતે માથાકુટ કરી હતી. તે સમયે કારમાં હાજર શખ્સોએ ટુ-વ્હીલર ચાલકનું નામ પુછતા તેણે તેનું નામ પ્રશાંત શ્રીમાળી જણાવ્યું હતું. ત્યારબાદ કારમાં સવાર અજાણ્યા શખ્સોએ જાતિ વિષયક અપશબ્દો બોલીને પ્રશાંતને માર માર્યો હતો. જેમાં પ્રશાંતના ડાબા હાથના કાંડામાં ફ્રેકચર થવા પામ્યું છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે પ્રશાંત શ્રીમાળીએ વેગન આર કારના ચાલક અને અન્ય અજાણ્યા શખ્સો સામે એટ્રોસીટીની ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી શરુ કરી છે.

## ફરી ઉનાળાનો જામતો માહોલ

ઉનાળો હવે ટુંક સમયમાં શરૂ થઈ રહ્યો છે તેવા એંધાણ મળી રહ્યા છે. મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીએ પહોંચી જતાં દિવસ દરમ્યાન હવે થોડીક ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

ઉત્તરભારતના વિસ્તારોમાં આવેલા બર્ફીલા તોફાનની અસર હવે સાવ ઓછી થઈ ગઈ છે. વળી પવનની દિશા બદલાતા ગાંધીનગરના વસાહતીઓ હવે ઉનાળાનો અનુભવ કરી રહ્યા છે. દિવસ લાંબો થતો જાય છે અને રાત ટુંકી થઈ રહી છે. ઠંડીની અસર બે દિવસથી સાવ નહીવત થઈ ગઈ છે. દિવસે તો પંખા ચલાવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. લઘુત્તમ તાપમાન વધીને ૧૭ ડિ.સે. સુધી પહોંચી ગયું છે. જ્યારે મહત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. પહોંચી જતાં આકરા ઉનાળાના એંધાણ મળી રહ્યા છે.

## કાશ્મીરમાં વીરગતિ પામેલા શહીદ પરિવારને ચાર લાખની સહાય

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં વીરગતિ પામનારા અમદાવાદના જવાન સ્વર્ગસ્થ ગોપાલસિંહ ભદોરિયાને રૂ. ૪ લાખની સહાય રાજ્ય સરકાર તરફથી આપવાની જાહેરાત કરી છે. વિજયભાઈ રૂપાણીએ દેશની સુરક્ષા માટે પોતાના જાનની પરવા કર્યા વિના શહિદી વ્હોરનારા સેનામાં ફરજ બજાવતા ગુજરાતના જવાનોના મૃત્યુના કિસ્સામાં પણ આ સહાય રૂ. ૪ લાખ કરવાનો સંવેદનશીલ અભિગમ દાખવ્યો છે. પાછલા ૬ મહિનામાં ગુજરાતના જે જવાનો સેનામાં ફરજ દરમિયાન આવી વીરગતિ પામ્યા છે તેમને પણ રૂ. ૪ લાખની સહાય રાજ્ય સરકાર કરશે તેવો નિર્ણય પણ તેમણે કર્યો છે.

## ગણપતપુરા (કાંઠ)માં સ્વયંસેવકો ચતુર્થીએ સેવા કેમ્પ યોજાશે

જય ગજાનંદ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સંકટ ચતુર્થી ૧૪મી ફેબ્રુઆરીએ અંગારકી ચતુર્થી નિમિત્તે ગણતપુરા (કાંઠ ગાંગડ) ગણપતિ મંદિરે લીંબુ શરબત સેવા કેમ્પનું આયોજન કરેલ છે. તો સ્વયંસેવકો તરીકે આવી શકે છે.ગણપતિપુરા જવા સવારે ૬ વાગે સેકટર-૨સી પ્લોટ નં. ૮૦૮/૧ ગાંધીનગરથી નિઃશુલ્ક વાહન સેવા ઉપલબ્ધ છે. તેમજ બે ટાઈમ ભોજન પણ સ્વયંસેવકોને આપવામાં આવશે. તેમ સંસ્થાના અગ્રણી જયંતિભાઈ જણાવ્યું છે.

# અમદાવાદના શહીદ જવાનની અંતિમયાત્રામાં નાગરિકો ઉમટ્યા

જમ્મુ કાશ્મીરના કુલગામમાં યારિપોરામાં ત્રાસવાદીઓ સાથેની ભીષણ અથડામણમાં વીરગતિ પામેલા અમદાવાદના જવાન ગોપાલસિંહ ભદોરિયાના મૃતદેહને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. તેમના પાર્થિવદેહને અમદાવાદ લાવવામાં આવ્યા બાદ સંપૂર્ણ સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા સાથે સાથે તેમના પાર્થિવદેહ લાવવામાં આવ્યો ત્યારે અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં લોકો ઉમટી પડ્યા હતા. વંદેમાતરમના નારા લગાવવામાં આવ્યા હતા. બાપુનગરના હિરાવાડી વિસ્તારમાં આ જવાન રહેતા હતા. શહીદની એક કિલોમીટર લાંબી અંતિમયાત્રામાં આશરે ૧૦ હજાર લોકો જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, અમદાવાદના ભદોરિયાએ મુંબઈની તાજ હોટલ પર થયેલા આતંકી હુમલામાં આતંકીઓને



ઠાર માર્યા હતા. આતંકી હુમલામાં શહીદ ગોપાલસિંહ ભદોરીયાની અંતિમયાત્રા ટ્રકમાં નીકળી હતી, જ્યારે આ સમગ્ર વિસ્તારમાં લોકોએ દુકાનો બંધ રાખી હતી. દેશભક્તિના ગીતો ગાતા લોકો ત્રિરંગા સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. શહીદ જવાનના પાર્થિવદેહને આજે એરફોર્સના વિશેષ વિમાન દ્વારા અમદાવાદ લાવવામાં આવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર પ્રદિપસિંહ જાડેજા સહિતના મંત્રીઓ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ શહીદ જવાનને શ્રદ્ધાંજલિ આપી હતી. દક્ષિણ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં બે ભારતીય જવાનો શહીદ થયા છે. આ બે જવાનો પૈકી એક જવાન ગોપાલસિંહ ભદોરિયા અમદાવદનો વતની છે અને બાપુનગરના હીરાવાડીમાં આવેલી મહાશક્તિ સોસાયટીમાં રહેતો હતો. મુંબઈમાં તાજ હોટલ પર થયેલા હુમલામાં ગોપાલસિંહએ આતંકવાદીઓને મારવામાં મોટી ભૂમિકા ભજવી હતી અને એક સૈનિકનો જીવ બચાવવા બદલ તેને મેડલ પણ અપાયો હતો. સૈનિક ગોપાલસિંહ ભદોરિયાના પિતાએ દિકરાની શહીદી પર ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. શહીદ ગોપાલસિંહે નિરમા યુનિવર્સિટીથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ અધુરો મુકી દીધો હતો. પરિવારના ચાર સભ્યો લશ્કરમાં હતા. મેડિકલમાં પ્રવેશ ન મળતા તેનો શિક્ષણમાંથી રસ ઉઠી ગયો અને આખરે લશ્કરમાં જોડાઈને દેશની સેવા કરવાનું નક્કી કર્યું. તેની માતાને આ ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેની માતાએ એવું કીધુ કે તું ગુજરાતી કલ્ચરમાં મોટો થયો છે માટે તુ એ પરીક્ષા નહી પાસ કરી શકે.